## આવતીકાલનો ઉજાસ



**વિશાલ એન માલવિયા**
**ધો-૧૦, બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય**

પોતાની શારીરિક ઊંચાઈને કારણે પોતાના વર્ગના બધા જ વિદ્યાર્થીઓમાં અલગ તરી આવતો વિશાલ અભ્યાસમાં પણ પોતાની ઊંચાઈ જેટલો જ ઉચ્ચ દેખાવ કરે છે. અભ્યાસની સાથે સાથે આ ઉંચો વિદ્યાર્થી રતમગમત ક્ષેત્રે પણ અગ્રેસર રહે છે.

જિલ્લા કક્ષાની એથ્લેટીક્સ ઊંચી કૂદ સ્પર્ધામાં દ્વિતિય ક્રમે અને રાજ્યકક્ષાની ઊંચી કૂદ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા બની શિષ્યવૃત્તિ તથા ચંદ્રક પ્રાપ્ત કરી તેણે શાળાને ગૌરવ અપાવ્યું છે.



**રાહુલ કે શુક્લ**
**ધો-૧૦, બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય**

અભ્યાસમાં ખંતીલો એવો રાહુલ ઈતર પ્રવૃત્તિઓમાં અગ્ર સ્થાન ધરાવે છે. રાજ્ય કક્ષાએ ખેલ મહાકુંભમાં દ્વિતિય ક્રમાંક મેળવી પુરસ્કાર, શિષ્યવૃત્તિ, સિલ્વર મૅડલ તેમજ સ્પોટ્ર્સ કીટ પ્રાપ્ત કરી શાળાને સિદ્ધિ અપાવી છે.

## લૉન ટેનિસના જાણીતા ખેલાડી અશોક ગજ્જરનું દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના જાણીતા લૉનટેનિસના ખેલાડી અને જીમખાનાના પૂર્વચોક શ્રી અશોક ગજ્જરનું આજે સે. ૨૧ના જીમખાના ખાતે જ હૃદયરોગનો હુમલો આવતાં દુ:ખદ અવસાન થયું છે. અશોક ગજ્જરના દુ:ખદ અવસાનના સમાચારથી પાટનગરના રમતપ્રેમીઓમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. અત્યંત મિલનસાર સ્વભાવ ધરાવતા સ્વ. અશોકભાઈ ગજ્જર આમ તો સ્ટોકટ્રેડીંગ સાથે સંકળાયેલા હતા. તેઓ લૉનટેનિસના અચ્છા ખેલાડી હતા એટલુ જ નહિ તેમના હાથ નીચે અનેક પ્રતિભાશાળી ખેલાડીઓ પણ તૈયાર થયા હતા.

આજે સવારે તેઓ નિત્યક્રમ મુજબ સેટ રમી અને મિત્રો સાથે આરામ કરવા માટે બેઠા ત્યાં જ અચાનક ઢળી પડયા હતા. ઉપસ્થિત ખેલાડીઓએ તેમને પમ્પીંગ કર્યું હતું અને પ્રાથમિક સારવાર આપી ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી હતી.

આ પછી તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તબીબોએ તેમને મૃત પામેલા જાહેર કર્યા હતા.

આજે બપોર બાદ સ્વર્ગસ્થની નીકળેલી અંતિમયાત્રામાં જાણીતા રાજકીય આગેવાનો, વેપારીઓ, કર્મચારીઓ તેમજ જિલ્લાના રમતપ્રેમીઓ અને શિક્ષણજગતના મોભીઓ જોડાયા હતા.

સે. ૨૪માં રહેતા સ્વ. અશોકભાઈના પિતા નિવૃત્ત અધ્યાપક છે. સદ્‌ગત અશોકભાઈ તેમની પાછળ પત્ની અને એક પુત્ર તેમજ પુત્રીને વિલાપ કરતા મુકી ગયા છે.



કોઈ ગમે તે કહે, પણ વૅકેશનના સમય દરમ્યાન બાળકોને શિબિરોમાં તો મોકલવાં જ જોઈએ. કેટલા બધા ફાયદા છે આ શિબિરોના એ તો શિબિરોમાં ગયા હોય એ જ જાણી શકે. જિજ્ઞાસા, શિસ્ત, તાલીમ, જીવનશિક્ષણ, આનંદ, ઉલ્લાસ અને સહજીવનની કળા - આ બધું જ શિબિરના માધ્યમથી પ્રાપ્ત થાય છે. સૌથી મોટી વાત તો એ કે બાળકને બાળક બનીને અન્ય અપરિચિત બાળકો સાથે ભળવાની ને રમવાની મૉકળાશ શિબિરના માધ્યમથી પ્રાપ્ત થાય છે. આત્મન્ ફાઉન્ડેશનની અભિવ્યક્તિ શિબિરમાં લેવાયેલા આ ફોટોગ્રાફ આ બાબતની સાબિતી આપે છે. (તસવીર : કુંતલ નિમાવત)

## આજે સે-૬ અંબિકા મંદિરે ભક્તિમય ભજનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૨

અંબિકા સેવા ટ્રસ્ટ સેક્ટર-૬ દ્વારા અંબાજી માતાના ૧૧મા પાટોત્સવ નિમિત્તે આજે તા. ૨૩ એપ્રિલ-૨૦૧૨ને સોમવારના રોજ રાત્રે ૯ કલાકે અંબાજી મંદિર ચોક સેક્ટર-૬-એ ગાંધીનગર ખાતે વેશભૂષા અને નૃત્ય સાથેના ભક્તિમય ભજનોનો ભવ્ય કાર્યક્રમ યોજાશે.

આ ભવ્ય ભક્તિમય ભજન કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ કિર્તનકાર મહેશ પટેલ અને શ્રધ્ધા યુવક ભજન મંડળના ૪૦ યુવકોના જુદા જુદા પાત્રો સાથે જોડાશે. આ ધાર્મિક શુભ પ્રસંગે ભક્તિરસનો લ્હાવો માણવા માટે નગરના સર્વે ભાવિક ભક્તોને પરિવાર સાથે પધારવા આયોજકે આમંત્રણ પાઠવ્યું છે.

## ચિલોડા મોટા ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે ભવ્યાતિભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો




ચિલોડા, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલી ઓમ એજ્યુકેશન કેમ્પસ ચિલોડા મોટા ખાતે ઓમ લેન્ડમાર્ક સ્કૂલ અંગ્રેજી મિડિયમનો એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શૈક્ષણિક સંકુલના મુખ્ય મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કર્યો હતો. શાળાના પ્રિન્સિપાલ શ્રી ડૉ. સુદીપ ગોહેલે શાબ્દિક પ્રાયોગિક સ્વાગત કરી ઉષ્માભર્યું આવકાર આપ્યો હતો. આ પ્રસંગે શાળાની બાળાઓએ એ ઈશ્વર યા અલ્લા એકવાર સુન લે પ્રાર્થના રજૂ કરી હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિવિધ અદ્‌ભૂત કલાશૈલીમાં બાલવૃંદે વેશભુષા ધારણ કરી રંગેચંગે કલાકૃતિઓ રજૂ કરી સૌને આકર્ષિત કર્યા હતા. આ કલ્ચરલ ડ્રામામાં વિવિધ કક્ષાના બાળકોએ લોકનૃત્યો - યોગાનું નિદર્શન, મરાઠી નૃત્ય, આદિવાસી નૃત્યો - અદ્‌ભૂત કાર્યક્રમો રજૂ કરી સૌના મન ડોલી ઉઠ્યા હતા. આ પ્રસંગે મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ગીરીશભાઈ રાવલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે અંગ્રેજી શિક્ષણની ઉપલબ્ધતાથી ભારતના ભાવિ ઘડવૈયાનું ઉજ્જવળ ભાવિમાં પ્રગતિના સોપાનો સર કરે તેમાં વિવિધ ટેકનોલોજીના વિકાસમાં હવે ઈન્ટરનેશનલ ભાષાનો ઉપયોગ જરૂરી બનતાં અંગ્રેજી મીડીયમ સ્કૂલનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. આ વિશિષ્ટ કાર્યક્રમમાં ઓમ લેન્ડમાર્ક શાળાના ટેલેન્ટ રમતવીરોએ રાષ્ટ્રીયકક્ષાએ રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓને બિરદાવવા રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્રોનું શ્રી અશોકભાઈ રાવલને હસ્તે એનાયત કર્યા હતા. આ કાર્યક્રમમાં અંગ્રેજી માધ્યમના બાળકોના વાલીઓ, આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા સહયોગી બન્યા હતા.

## ભાર વિનાના ભણતર માટે મુખ્યમંત્રી સમક્ષ શહેર જાગૃત નાગરિક પરિષદની અપીલ

ગાંધીનગર, તા. ૨૨

ભણતરને ભાર વિનાનું અને જીવન ઉપયોગી બનાવવા માટે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા મુખ્યમંત્રી સમક્ષ સૂચનો રજૂ કરવામાં આવ્યાં છે.

પરિષદ દ્વારા મુખ્યમંત્રીને આપવામાં આવેલા એક આવેદન પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, છેલ્લાં દસ-બાર વર્ષથી નાનાં બાળકોનું શિક્ષણ એ ભાર વગરના ભણતરને બદલે શારીરિક અને માનસિક એમ બંને રીતે ભારરૂપ બની ગયું છે. ૨૦થી ૨૫ કિલો વજન ધરાવતા બાળકે બાલ્યકાળથી જ તેના વજન કરતાં પણ વધુ બોજ પીઠ ઉપર વહન કરવો પડે છે. આમ બાળકો પર વજનદાર દફતરનો ભાર, ભણવાનો ભાર અને મા-બાપની મહેચ્છાઓનો ભાર, પરીક્ષાની ચિંતાનો ભાર લદાય છે. બાળક આ ભારથી ભીંસાય છે, કચડાય છે.

તમામ શાળાઓ અને કૉલેજો સરકારના નિયમોને નેવે મૂકીને સરકારની ઐસીતૈસી કરીને પોતાની મનઘડંત રીતે નિયમોનું પાલન કરે છે. પરિણામે આમ જનતાને ખૂબ જ વેઠવાનું-શોષાવાનું આવે છે. એમ જણાવી શિક્ષણના સ્તરને ઊંચું લાવવા કેટલાંક સૂચનો રજૂ કરતાં આ આવેદન પત્રમાં જણાવવામાં આવ્યું છે કે ખાડે જતા શિક્ષણને બચાવવા શિક્ષણના તજ્જ્ઞો-શિક્ષણવિદોની અને સાચી દેશદાઝવાળા અનુભવી શિક્ષકોની સહાય લઈને ભાર વિનાનું પરંતુ સંપૂર્ણતયા જીવનલક્ષી ભણતર માટે વિચારણા કરવામાં આવે અને માત્ર શિક્ષણ ઉપર જ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે. શિક્ષણ સિવાયની પ્રવૃત્તિઓ શિક્ષકોને સોંપવામાં આવતી હોવાથી તેઓ શિક્ષણ ઉપર પૂરતું ધ્યાન આપી શકતા નથી. આથી તેમની પાસેથી શિક્ષણ સિવાયની લેવામાં આવતી અન્ય કામગીરીઓ સદંતર બંધ કરવામાં આવે. વૅકેશનમાં પણ વોલેન્ટરી શિક્ષણના વર્ગો ચલાવીને જરૂરિયાતમંદ, ગરીબ બાળકોને શિક્ષણ આપવામાં આવે. વિદ્યાર્થીઓને અન્ય કાર્યક્રમોમાં સાંકળવામાં ન આવે અને તેમના પર અભ્યાસ સિવાયનો અન્ય કોઈ બોજ લાદવામાં ન આવે.

## કાવ્ય વન

### ગુજરાતની ગઝલ

ઈશનું વરદાન, જનતાનું જાનો જિગર છે,
લીલું ને હરિયાળું, વિશ્વમાં ગાંધીનું નગર છે.
ઉપદેશ ગીતાનો લઈ, ફોરતું ફૂલોનું નગર છે,
અંતર ઠરે એવું આ કૈલાસ માનસરોવર છે.
સંદેશ વિકાસનો લઈ ઉગતું નિરંતર પ્રભાત છે,
સદ્‌ભાવનાની સુવાસ અહીં સૌ ખુશખુશાલ છે.
સાહિત્ય, સંગીત ને સંસ્કૃતિની પ્રેરણાનું ગાન છે,
ધર્મ, જાતિનો ભોદ ના સૌને, એકસરખું સ્થાન છે.
તિમિરની શી મજાલ ? સત્ય અહિંસાની મશાલ છે,
પાટનગર આ સૌથી નોખું, ગુજરાતની શાન છે.
ફૂલોનું નગર ભલે એ, તાકાત એની ગજબ છે,
લખીશું રક્તથી યારો, ગુજરાતની એ ગઝલ છે.

- પ્રો. ડો. અંબાલાલ પ્રજાપતિ

### અંજલિ તુંને હરસુરભા

હસાવવા હર (શિવ) સુર (દેવો) ને હરસુર હાલી નીકળ્યો,
રોતાં મેલી કૈં ચાહકો, હરસુર હાલી નીકળ્યો !
વિષાદને કૈં વેદના, ધરબી રૂદિયાની માલીપા,
હસતા-હસાવતાં રહી, હરસુર સ્વર્ગે સંચર્યો.
દુહા-છંદ-સપાખરાં, ચોપાઈ, રામાયણ સદા,
તવ સૂર ને સ્વરની બૂલંદી શેં વિસરશે જગ ભલા ?
સપૂત રાબા કૂળનો ને શાન બોરાણા ગામની,
જણ ઝાલાવાડનો ધીંગો હતો હરસુરભા.
તું પ્રિય ને વ્હાલો હતો બાપુ મોરારિનો હંમેશ,
વિભૂષિત 'કાગ ઍવોર્ડ'થી શોભી ઊઠ્યો હરસુરભા.
રૂપાલા, દોલત ભટ્ટ, બાબુકાકા, જગત કારાણી શા,
થ્યાં આજ સૌ અણોહરા, તું ગિયે હરસુરભા.
ગુજરાતનો ચારણ સમાજ દિયે તુંને શ્રદ્ધાંજલિ,
તારો વાસ અમરાપર હજો, બસ એ જ હો ભાવાંજલિ.

- ભરત કવિ 'ઉર્મિલ'

### જિંદગી

જિંદગી ઝીંદાદિલ હૈ માન લે, જિંદગી કી અસલિયત પહેચાન લે.
જિંદગી કે સાથ ન ખિલવાડ કર, જિંદગી કી કિમતેં તુ જાન લે.
જિંદગી એક યુદ્ધ હૈ માને અગર, જિંદગી કો જીતના હી હૈ મગર.
કોશિશેં બેકાર ન જાતી કભી, કોશિશેં કર સ્વયં કો પહચાન લે.
લે કહાં જાતી હમેં ક્યા પતા ? યે અજબ હૈ જિંદગી કા સિલસિલા.
સત્ય ઔર અસત્ય દોનોં રાહ મેં, હૈ યહાં તિલભર કા હી તો ફાસલા.
તુ ઉજાલોં કી ચમક પહચાન લે, જિંદગી કે અર્થ ભી તુ જાન લે.
પ્રેમ સબમેં ભર સકે તુ જો અગર, જિંદગી રોશન બનેગી માન લે.

- જિમેશ પટેલ

### માનવ થયો

આંખો અંજાઈ ને જાગી ગયો હું, વાયુ વાયો ને ધ્રપી ગયો હું.
શીતળ પાણી ભીંજાઈ ગયો હું, જામ્યા જોબને ઝીલાઈ ગયો હું.
સુવર્ણ સમજી પેંખાઈ ગયો હું, કથીર કંચન ટીપાઈ ગયો હું.
સાનમાં શોધી પીટાઈ ગયો હું, એકલ ભોમમાં ફેંકાઈ ગયો હું.
પામતાં પ્રશ્નોથી દુભાઈ ગયો હું, સમસ્યા શુલથી સિલાઈ ગયો હું.
વ્હાલની ઓથમાં ઓજાઈ ગયો હું, સ્વપ્ન પ્રેમમાં ભરમાઈ ગયો હું.
સ્વાંગે આખો અમલ થયો હું, વાતવાતમાં પ્રબળ થયો હું.
તીવ્ર તમસે તેજસ થયો હું, દૈવ કૃપાએ માનવ થયો હું.

- સુમંતભાઈ મં શાહ

### રામ છું

તું નથી લખમણ ભલે હું રામ છું
રાધિકા મળતી નથી ને શ્યામ છું
કોઈ સેતુ આપણી વચ્ચે નથી
પથ્થરો સાથે ડૂબેલું નામ છું
થાય કન્યાના સદા સોદા અહીં
તે છતાં જૂનું પવિતર ધામ છું
સ્વપ્નમાં સીતા મળે કે ના મળે
હું ધનુષ માથે તૂટેલું બાણ છું
કોઈનું એંઠું કદી ખાતો નથી
ગાદીએ બેસું તો બાપ્પો જામ છું
ઠોકરો વાગે તો અંગૂઠો તૂટે
બેસ ભાઈ હું તારો વિશ્રામ છું
જ્યાં જાઉં ત્યાં રાવણો સામા મળે
લડી લડી હારી ચૂકેલી હામ છું

- રણછોડ વી પરમાર

## જીવવા માટે એક જ જિંદગી છે એવું કહેનારા લોકો નિશ્ચિતપણે પુસ્તકવાચન અંગે નથી જાણતા




### પ્રસંગસાર

gsrelation@yahoo.com - કુંતલ નિમાવત

'પુસ્તક એ તમારો કાયમી મિત્ર છે. એકવાર મિત્રતા કરીને તમે તરછોડી દેશો તોય પુસ્તક તમને હંમેશા કામ લાગશે એવો ઉપયોગી મિત્ર પણ એ છે.'

'જીવવા માટે એક જ જિંદગી છે એવું કહેનારા લોકો નિશ્ચિતપણે પુસ્તકવાચન અંગે નથી જાણતા.'

'પુસ્તકોને તમારું ડાઈનીંગ ટેબલ બનવા દો, તમે ઘણું પૌષ્ટિક પામશો. પુસ્તકોને તમારી શૈયા બનવા દો, તમે આરામદાયક ઉંઘ લઈ શકશો.'

ચાઈનીઝ કહેવત છે કે, 'પુસ્તક એ ખિસ્સામાં રાખી શકાય એવો બગીચો છે.'

થોમસ જેફરસને લખ્યું છે કે, 'હું પુસ્તકો વિના જીવી શકું નહીં.'

માર્કસ તુલિયસ સિસેરોએ કહ્યું છે, 'પુસ્તક વિનાનો ઓરડો એ આત્મા વિનાના ખોળિયા જેવો છે.'



જ્યોર્જ લુઈસ બોર્ગીસે જણાવ્યું છે કે, 'મેં હંમેશા એવી કલ્પના કરી છે કે સ્વર્ગ પુસ્તકાલય જેવું હશે.'

પુસ્તકોની આટલી બધી મહત્તા ગાવાનું કારણ છે આજનો દિવસ. ૨૩મી એપ્રિલ. વિશ્વ પુસ્તક અને કૉપીરાઈટ દિવસ અથવા તો વિશ્વ પુસ્તક દિવસ તરીકે આ દિવસની ઉજવણી દુનિયામાં કરવામાં આવે છે. જેમનાં પુસ્તકોનો વિશ્વની મોટાભાગની ભાષાઓમાં અનુવાદ થયો છે એ મહાન લેખક અને નાટ્યકાર શૅક્સપિયરે આ દિવસે દુનિયામાંથી વિદાય લીધી હતી - ૨૩ એપ્રિલ, ૧૬૧૬. શૅક્સપિયરે પોતાના જીવનમાં ૩૫ નાટકો અને ૨૦૦થી વધુ કવિતાઓ લખી છે અને દુનિયાએ તે વાંચી છે. સાહિત્યજગતમાં તેમના ઉચ્ચ નામને ધ્યાનમાં રાખીને પુસ્તકોના મહત્ત્વને ૨૧મી સદીમાં પણ જાળવી રાખવા યુનેસ્કો દ્વારા ૧૯૯૫થી શૅક્સપિયરની પુણ્યતિથિને વિશ્વ પુસ્તક દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

એક વાયકા એવી પણ છે કે ૧૯૨૩માં સ્પેનના પુસ્તક વિક્રેતાઓ દ્વારા ખ્યાત લેખક મીગુયેલ ડી સરવેન્ટીસને સન્માન આપવા ૨૩ એપ્રિલે વિશ્વ પુસ્તક દિવસની જાહેરાત કરવામાં આવી હતી. આ લેખકનું અવસાન પણ ૨૩ એપ્રિલના રોજ થયું હતું. જાણવા જેવી વાત એ પણ છે કે શૅક્સપિયર સહિત છ જેટલા જગપ્રસિદ્ધ સાહિત્યકારોના જન્મ અથવા મૃત્યુની તિથિ ૨૩ એપ્રિલ છે. એટલે આપણે એટલું સમજીએ કે મૂળે વધુ ને વધુ લોકો સાહિત્ય પ્રત્યે અભિરૂચિ કેળવે એ હેતુથી યુનેસ્કો દ્વારા પુસ્તક દિવસ ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે. વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રનું ઘડતર કરનારાં પુસ્તકોને સહેલાઈથી સુલભ બનાવી વાચન પ્રવૃત્તિ કેળવાય એ આ ઉજવણીનો હેતુ છે.

પુસ્તકોનું મહત્ત્વ શું છે એ ભણેલા-ગણેલાને તો સમજાવવું પડે એવું નથી. હા, ટીવી-ફિલ્મ અને ઈલેક્ટ્રોનિઝમના આ જમાનામાં પુસ્તકોથી દૂર થતી જતી નવી પેઢીને એ ચોક્કસ સમજાવવું પડે એમ છે.

રસ્કિનના લખેલા 'અનટુ ધીસ લાસ્ટ' પુસ્તકે રાષ્ટ્રપિતા ગાંધીજીમાં જે વિચારક્રાંતિ આણી એના કારણે ગાંધીજી મહાત્મા બન્યા એમ કહેવાય છે. પુસ્તકનો આ મહિમા છે. એ જ રીતે દેશના પૂર્વ રાષ્ટ્રપતિ અને ખ્યાત વૈજ્ઞાનિક ડૉ. એ પી જે અબ્દુલકલામના માનસને ઘડવામાં પણ પુસ્તકનો ફાળો બહુ મોટો છે. એક વિદ્યાર્થીના પ્રશ્નના જવાબમાં ડૉ. કલામે કહ્યું હતું કે હું ચાર પુસ્તકોને દિલની નજીક રાખું છું. તેને વાંચીને હું માણું છું. ડૉ. એલેક્સિસ કેરલેનું 'મૅન ધ અનનોન', તિરુવલ્લુવરનનું 'તિરુક્કુલ', આશલર વોટ્‌સનનું 'લાઈટ્‌સ ફ્રોમ મેની લેમ્પ્સ' અને 'કુરાન'. આ પુસ્તકો મારા જીવનના સાથીદાર છે.

લોકમાન્ય તિલકના આ શબ્દો પણ પુસ્તકના મહત્ત્વને સમજવા માટે પૂરતા છે : 'હું નરકમાં પણ સારાં પુસ્તકોનું સ્વાગત કરીશ, કારણ કે તેમનામાં એટલી શક્તિ છે કે તે જ્યાં હશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની જશે.'

પુસ્તક માહિતી આપે છે, જ્ઞાન આપે છે, વિચાર આપે છે, કલ્પના શક્તિ આપે છે, આનંદ આપે છે અને અંતરને ઉજાસ પણ આપે છે. પુસ્તક વાચન કરતો માણસ એક અનોખી જ દુનિયામાં પહોંચી જાય છે અને આ એવી અવસ્થા છે જેમાં માણસ પોતાને પણ ભૂલીને એક બીજી જ દુનિયામાં પહોંચી જાય છે, જાણે એક બીજી જ જિંદગી જોવા માંડે છે, જીવવા માંડે છે. પુસ્તકોનો આ ફાયદો તો જેણે પુસ્તકો વાંચ્યા હોય એ જાણે. રામબાણ વાગ્યાં હોય એ જાણે !

રિચાર્ડ ડી બરી જણાવે છે, 'પુસ્તક એ એક એવો શિક્ષક છે જે સોટી માર્યા વગર, કડવાં વચન કે ક્રોધ કર્યા વગર, દાન-દક્ષિણા લીધા વગર જ્ઞાન આપે છે.'

ગાંધીનગરના વાચનપ્રિય નાગરિક નરેશભાઈ બી પંડ્યા જણાવે છે કે, 'હું વાચનને સમાધિ સાથે સરખાવું છું. સમાધિગ્રસ્ત માણસ ઈશ્વરમાં ખોવાઈ જાય છે તેમ વાચનમાં ડૂબેલો માણસ પણ ક્યાંક ખોવાઈ જાય છે. સમાધિમાંથી જાગેલો કોઈ અલૌકિક આનંદ અનુભવે છે. વાચન સમાધિમાંથી જાગેલાની અનુભૂતિ પણ એવી જ હોય છે.

વાચન એ મનનો ખોરાક છે અને તેની ભૂખ જઠરાગ્નિ જેટલી જ પ્રબળ હોવી જોઈએ. આપણા ગુજરાતની ભૂમિ પર જન્મેલા અને વિશ્વવિભૂતિ બનેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, 'પુસ્તકનું મૂલ્ય રત્ન કરતાંય અધિક છે. રત્ન બહારની ચમક બતાવે છે જ્યારે પુસ્તક અંતઃકરણને અજવાળે છે.' બીજા એક મોહન જેમણે ગુજરાતની ભૂમિને પોતાની કર્મભૂમિ બનાવી હતી તેવા ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્ ગીતામાં 'જ્ઞાનેન સદ્રશમ પવિત્રમિહ વિદ્યતે' (આ લોકમાં જ્ઞાનથી પવિત્ર કશું નથી) તેવું કહીને જ્ઞાનશક્તિનો હજારો વર્ષ પહેલાં સ્વીકાર કર્યો હતો. અને પુસ્તકો એ જ્ઞાનનો ખજાનો છે એવું કોઈનેય સમજાવવાની જરૂર નથી જ.

વાચન એ મનનો ખોરાક છે, મનની કસરત છે, તેથી વાચન કરવું જોઈએ અને એવું કરવું જોઈએ કે મનની વૈચારિક સમૃદ્ધિ વધે.

વાચનટેવ સંસ્કારથી જ ઊભી કરી શકાય છે. માતા-પિતા તરીકે સૌપ્રથમ આપણે જ બાળકોને વાચનની ટેવ પાડવી જોઈએ. આપણે જે કહીએ છીએ એના કરતાં શું કરીએ છીએ તેનું અનુકરણ બાળકો વધુ કરતાતં હોય છે. આ એક જ સંસ્કાર એવો છે કે જે બીજી હજાર સારી બાબતોને બાળકમાં ખેંચી લાવશે. આપણે આપણા પછીની પેઢીને વારસામાં સંપત્તિની સાથે સાથે સારાં પુસ્તકો પણ આપીએ. સંપત્તિ અને સરસ્વતીનો સુમેલ કરીએ. લક્ષ્મીવાન પણ સરસ્વતીહિન મનુષ્યમાં અધૂરપ હોય એવું લાગશે.

વાચન અને પુસ્તકો વિશેનો મહિમા ગુણવંત શાહથી માંડીને ગાંધીજી સુધી ઘણા બધાએ કર્યો છે. પરંતુ તે બધામાં માર્ક ટ્વેઈને કરેલી ઉક્તિ મને ખૂબ ગમી છે. તેમણે કહેલું કે, 'જેઓ વાંચતા નથી તેવા લોકો, વાંચી નથી શકતા તેવા લોકો કરતાં જરાય ચડિયાતા નથી.'

